અપીલ અરજી નં.૪૨૬ તા.૩૧–૩–૦૯

અરજદારઃ શ્રી રણધીશ બી.સિંગ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

## ફરિયાદ હકીકતઃ–

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી રણધીશ બી.સિંગ ની તા.૨૫–૨–૦૯ની અરજીથી પાંડેસરા હા.બોર્ડ પાણીની ટાંકી પાસે જલારામ નગર સોસાયટીના પ્લોટ નં.૮૬૯,૮૭૦ તથા પ્લોટ નં.૮૮૪,૮૮૫ માં કરવામાં આવેલ બાંધકામની કાયદેસરતા કેટલી ?સદર પ્લોટોમાં વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ? જો હા તો કુલ કેટલા માળના બાંધકામની પરવાનગી આપવામાં આવે છે? રજાચીઠ્ઠીની નકલ, વિકાસ પરવાનગી લેવામાં ન આવી હોય તો આપના વિભાગ ધ્વારા મિલકતધારક વિરૂધ્ધ શું કાર્યવાહી કરવામાંઆવી? નોટીસ આપી હોય તો તેની નકલ વિ. માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૩૧–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૨૬/૨૦૦૮–૦૯

શ્રી રણધીશ બી.સિંગ ની તા.૨૫–૨–૦૯ની અરજીથી પાંડેસરા હા.બોર્ડ પાણીની ટાંકી પાસે જલારામ નગરસોસાયટીના પ્લોટ નં.૮૬૯,૮૭૦ તથા પ્લોટ નં.૮૮૪,૮૮૫ માં કરવામાં આવેલ બાંધકામની કાયદેસરતા કેટલી સદર પ્લોટોમાં વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ? જો હા તો કુલ કેટલા માળના બાંધકામની પરવાનગી આપવામાં આવે છે? રજાચીઠ્ઠીની નકલ, વિકાસ પરવાનગી લેવામાં ન આવી હોય તો આપના વિભાગ ધ્વારા મિલકતધારક વિરૂધ્ધ શું કાર્યવાહી કરવામાંઆવી? નોટીસ આપી હોય તો તેની નકલ વિ. માહિતી આપવા બાબતે નિયત ફી જમા કરવા છતાં માહિતી મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૧–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ અત્ર પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ /૨૮ તા.૮–૪–૦૯ થી કાયપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ જે અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૩૬૯ તા.૧૮–૪–૦૯થી અત્રેની કચેરીને પૂરક વિગતો પુરી પાડવામાં આવેલ. જે અનુસાર જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૨–૩–૦૯ ના પત્ર નં.૮૭૫૩ થી નિયત દસ્તાવેજ ફી રૂ. ૪/– ભરપાઈ કરવા અરજદારને પત્ર પાઠવ્યાનું જણાય છે. જેના અનુસંધાને અરજદાર ધ્વારા તા.૫–૩–૦૯ ના રોજ નિયત ફી ભરપાઈ કર્યાનું રસીદ નં.૩૫૮૫૭૯ થી જણાય છે.

અરજદારની મુળ અરજીમાં પાંડેસરા હા.બોર્ડ પાણીની ટાંકી પાસે જલારામ નગરસોસાયટીના પ્લોટ નં.૮૬૯,૮૭૦ તથા પ્લોટ નં.૮૮૪,૮૮૫ માં કરવામાં આવેલ બાંધકામની કાયદેસરતા કેટલી સદર પ્લોટોમાં વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ? જો હા તો કુલ કેટલા માળના બાંધકામની પરવાનગી આપવામાં આવે છે? રજાચીઠ્ઠીની નકલ, વિકાસ પરવાનગી લેવામાં ન આવી હોય તો આપના વિભાગ ધ્વારા મિલકતધારક વિરૂધ્ધ શું કાર્યવાહી કરવામાંઆવી? નોટીસ આપી હોય તો તેની નકલ વિ. માહિતી આપવા જણાવેલ. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.પ૨ તા.૨–૪–૦૯ થી નિયત સમય અવધિ બાદ તુરંત જ માહિતી પુરી પાડવામાં આવેલ જણાય છે.

અરજદારે અપીલના તબકકે માહિતી વિના મૂલ્યે માંગી સમય મર્યાદામાં નહીં પૂરી પાડવા અધિકારીને નસીહત કરવા રજૂઆત કરેલ છે.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૨–૦૯ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પડાયેલ હોઈ અપીલ સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે તેમ છતાં સદર પત્રની નકલ દિન–૭ માં પુનઃ અરજદારને મોકલી આપવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

આ કાયદા હેઠળ શિક્ષાતમક કાર્યવાહીની સત્તા આરટીઆઈ એકટની કલમ–૧૯ અને ૨૦ હેઠળ રાજય માહિતી આયોગ, ગુજરાત, ગાંધીનગરને હોઈ તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતીનથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધનાઝોન..... જાણ તથા અમલ માટે
(૨)શ્રી રણધીશ બી.સિંગ